# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૪ તા. ૧૯-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

(વિષય :- ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરવા બાબત.)

આથી સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચલાવતી તમામ શાળાઓને જણાવવાનું કે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા પ્રતિ વર્ષ સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તેજ રીતે વર્ષ-૨૦૧૫-૧૬ માટે પણ સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહની ઉજવણી આપણા જિલ્લા સંઘ દ્વારા આપણી તમામ શાળામાં તા. ૨૫-૧-૨૦૧૬ દરમ્યાન સ્કાઉટ-ગાઈડ ખરી કમાઈ સપ્તાહની ઉજવણી ખરી કમાઈ સપ્તાહ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ઉપરોક્ત તારીખ દરમ્યાન સ્કાઉટ-ગાઈડ સપ્તાહ ખૂબજ સારી રીતે ઉજવાય તે માટે તમામ શાળાના આચાર્યે આયોજન કરવું.

ખરી કમાઈ સપ્તાહનો ઉદ્દેશ વિદ્યાર્થી જીવનમાં શ્રમનું મહત્વ સમજે વ્યક્તિ મહાન નથી, કાર્ય મહાન છે. નાનામાં નાનું મહેનતનું કામ કરી મનુષ્યમાં રહેલ અહમને દૂર કરવાનો આશય જ આની સફળતા છે. દરેક ટ્રુપ, કંપની, વૃંદના બાળકો જાત મહેનત કરી ખરી કમાઈ કરવાની છે. જિલ્લા સંઘમાં સૌથી વધુ ખરી કમાઈ કરશે તેને વિભાગ વાર જિલ્લા રેલી દરમ્યાન શિલ્ડ આપવામાં આવશે.

દરેક ટ્રુપ, કંપની, વૃદ દીઠ ઓછામાં ઓછા ૨૫૦/- કે તેથી વધુ ખરી કમાઈ કરે. બાળકોને દળ પ્રમાણે ખરી કમાઈ કરવા માટે આયોજન કરવું જેમા રિશેષ દરમ્યાન શાળામાં યોગ્ય સ્થાનમાં સ્ટોલ તૈયાર કરવુ જેથી કોઈને તકલીફ ન પડે. પોતાની આગવી સુજથી અલગ-અલગ પ્રકારની વસ્તુઓ ખરી કમાઈ સ્ટોલમાં મુકવી જેથી શાળાના બાળકો સરળતાથી ખરીદી શકે સ્ટોલનું સંચાલન સ્કાઉટ/ગાઈડનાં બાળકો ગણવેશમાં કરશે. સ્ટોલમાં શાળાનું બેનર લગાવી ખરી કમાઈ સપ્તાહનો અહેવાલ ફોટા સાથે અત્રે મોકલશો. આ ઉજવણીમાં આચાર્યશ્રીઓ તથા તમામ સ્ટાફનાં તમામ શિક્ષકો પુરતો સહકાર આપે.

તા. ૨૫-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૦૧-૨૦૧૬ દરમ્યાન તમારી શાળાની મુલાકાતે ઓર્ગો.કમિશ્નરશ્રી, આસિ.ઓર્ગો.કમિશ્નરશ્રીઓ, સ્કાઉટીંગના હોદ્દેદારો, અધિકારીશ્રીઓ, સ્કૂલબોર્ડ સભ્યશ્રીઓ તેમની અનુકુળતા મુજબ મુલાકાત લેશે. સુંદર આયોજન કરી ખરી કમાઈ સપ્તાહની ઉજવણી કરશો.

ખરી કમાઈનાં નાંણાં ૩૦% શાળામાં રાખવા અને ૭૦% લેખે સ્કાઉટ ભવન તા. ૮-૨-૨૦૧૬ સુધીમાં ૧૧ થી ૪ દરમ્યાન જમા કરાવવા.

| ક્રમ | શાળાનું નામ | સ્કાઉટર/ગાઈડર શિક્ષકનું નામ | સેના, કંપની, વૃંદનું નામ | બાળકની સંખ્યા | ૩૦% રકમ | ૭૦% રકમ | ૧૦૦% રકમ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

તા. આચાર્યશ્રી

નમૂના પ્રમાણે પત્રક બનાવી આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી અહેવાલ સાથે લાવવું. વધુ વિગત કે માર્ગદર્શન માટે તમારા આસિ.ઓર્ગે.કમિશ્નરશ્રીઓને અથવા ઓર્ગે.કમિશ્નર (સ્કાઉટ ભવન) શ્રી કપૂરકુમાર આર. વર્માનો સંપર્ક કરવો. મોબાઈલ નં.-૭૨૨૭૮૦૩૬૭૮ સ્કાઉટ ભવન ફોન નં. - ૦૭૯- ૨૬૬૭૦૨૪૩.

તા. ૧૯-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી